# પક્ષમાં વકીલનું નહીં, જજનું કામ કરીશ : રાહુલ ગાંધી

## કોંગ્રેસના ઉપાધ્યક્ષ બન્યા બાદ કાર્યકરોને પ્રથમ સંબોધન

જયપુર,તા.૨૦

રાહુલ ગાંધીએ પક્ષના ઉપાધ્યક્ષ બન્યા બાદ પ્રથમ વાર લોકોને સંબોધન કર્યું હતું આ દરમિયાન તેમણે અનેક મુદ્દે વાત કરી હતી અને ઘણીવાર ભાવુક પણ બની ગયા હતા. તેમણે તેમના પરિવારના બલિદાનની પણ વાત કરી હતી, આર્થીક સુધારા વિશે ઉપાયો બતાવ્યા હતા અને કોંગ્રેસને વધુ અસરકારક બનાવવાની પણ ચર્ચા કરી હતી.

પોતાના ભાષણમાં રાહુલ ગાંધીએ ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવી કહ્યું હતું કે હવે લોકો પાસે ૧૦૦માંથી ૯૯ પૈસા જશે. તેમણે કહ્યું કે આજકાલ ભ્રષ્ટ લોકો જ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરે છે. રાહુલ ગાંધીએ લોકોને રાજકારણમાં જોડાવાની અપીલ કરતા કહ્યું હતું કે હું આશાવાદી છું અને દેશમાં નેતૃત્વની કમી ઓછી કરવા માટે ૪૦-૫૦ નેતા તૈયાર કરવાની જરૂર છે.

રવિવારે જયપુરમાં કોંગ્રેસી કાર્યકરોને સંબોધતા તેમણે સમગ્ર વ્યવસ્થા બદલવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો અને કહ્યું કે સૌને સાથે લઈને પરિવર્તન લાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે તે પાર્ટીમાં વકીલનું નહીં પરંતુ જજનું કામ કરશે.

તેમના ભાષણમાં સૌથી પહેલા રાહુલે કહ્યું કે પક્ષના .પાધ્યક્ષ બનવું તેમનામાટે સન્માનની વાત છે. આમાટે તેમણે સોનિયા ગાંધી અને મનમોહનસિંહને ધન્યવાદ આપ્યા અને જણાવ્યું કે મનમોહન-સિંહજીએ પ્રસંશનીય કામ કર્યું છે. મનરેગાથી લાખો લોકોને કામ મળ્યું છે.

રાહુલે વધુમાં કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં હું ઘણું શીખ્યો છું.સહયોગ આપવા માટે તેમણે તમામ કાર્યકરોને ધન્યવાદ આપ્યા હતા. તેમણે કહ્યું કે પક્ષમાં કાર્યકરોની કદર થવી જોઈએ અને ચૂંટણી સમયે બળવો કરનાર નેતાઓ સામે કાર્યવાહી થવી જોઈએ આ સાથે જ તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પક્ષમાં કોઈ નિયમ કાનૂન ચાલતો નથી. છતાં



કોંગ્રેસ જેવી ગહેરાઈ કોઈ પાર્ટીમાં નથી દેશમાં મોબાઈલ કોંગ્રેસ પક્ષની દેણ છે. આ તકે રાહુલે કહ્યું કે કોંગ્રેસ પ્રત્યેક ભારતીય સાથે ભેદભાવ વગર કામ કર્યું છે. કોંગ્રે હંમેશા અહિંસાના રસ્તે ચાલી છે. અને આમ જનતાની અવાજ જ તેનો અવાજ છે.

રાહુલ ગાંધીને શનિવારે કોંગ્રેસના ઉપાધ્યક્ષ બનાવવાની જાહેરાત થયા બાદ ઔપચારીક રીતે પક્ષમાં નંબર-૨ની ખુરશી અપાઈ હતી. તેમના ભાષણ દરમિયાન તમામ યુવા નેતા રાહુલના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા નજરે પડયા હતાં.

પોતાના દાદી અને પિતા વિશે ઉલ્લેખ કરતા રાહુલે તમામ નેતાઓ અને કાર્યકરોને ભાવુક બનાવી દીધા હતા. ભાવના અને જોશપૂર્ણ તેના પહેલા સંબંધનમાં રાહુલ ગાંધીએ કહ્યું કે ગઈરાતે તેમની માતા સોનિયા ગાંધી તેમની પાસે આવ્યા હતા અને કહ્યું હતું કે સત્તા જેર સમાન હોય છે. જે તાકાત સાથે ખતરો પણ લાવે છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે સત્તા પર પ્રત્યેક ભારતીયનો સમાન હક્ક હોવા છતાં સત્તાની આવી માત્રકેટલાક લોકોના જ હાથમાં કેમ છે ? દેશભરમાં થઈ રહેલા પ્રદર્શનો બાબતે તેમણે કહ્યું કે જનતા પોતાને અલગ પડી ગયાનું અનુભવે છે. એટલે તેમનામાં આટલો ગુસ્સો છે. તેમણે કહ્યું કે આપણે રોજ સિસ્ટમની ખામીઓ જોઈએ છીએ, ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરીએ છીએ પણ તેમ ન થવાની વાત એ છે કે ભ્રષ્ટ લોકો જ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરે છે. જેઓ મહિલાઓની કદર કરતા નથી તેઓને સન્માનવાની વાત થાય છે.

રાહુલે કહ્યું કે જે દિવસે પક્ષમાં જનતાનો અવાજ ગૂંજવા લાગશે તે દિવસથી કોંગ્રેસને કોઈ તાકાત હરાવી શકશે નહીં. મને બેડમિન્ટન રમવું પસંદ છે. કેમકે તેનાથી સંતુલન બનાવવામાં મદદ મળે છે. મારા દાદીની સુરક્ષામાં બે પોલીસવાળા તૈનાત હતા તે પણ મારા મિત્ર હતા પરંતુ એક દિવસ બન્ને પોલીસવાળાએ મારા દાદીને મારી નાખ્યા તે દિવસથી મારી જીંદગીનું સંતુલન બગડી ગયું હતું. તે સમયે મારા પિતા બંગાળમાં હતા અને ત્યાંથી આવ્યા બાદ રડવા લાગ્યા હતા. મેં પહેલવાર મારા પિતાને રડતા જોયા હતા તેઓ એક બહાદૂર વ્યક્તિ હોવા છતાં રડી રહ્યા હતા. કેટલાક દિવસો બાદ તેઓ દેશના વડાપ્રધાન બન્યા તેઓ અંદરથી તૂટી ચૂકયા હતા .અંદરથી દુ:ખી હતા. તે દિવસે પણ આકાશ કાળું હતું જેવું આજે સવારે હતું આજે સવારે મેં આકાશમાં જોયું તો તે અંધકારમય હતું છતાં મને આશાનું એક કિરણ દેખાયું હતું.

## રીયલ એસ્ટેટ , બ્રોકિંગ કંપની બેંક શરૂ કરે તે જરૂરી : સરકાર

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે રીઝર્વ બેંકે બેંકો શરૂ કરવા રીયલ એસ્ટેટ અને બ્રોકિંગ કંપનીઓને મંજૂરી આપવી જોઈએ. જો કે નાણાં મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગેરરિતીને રોકવા માટે તમામ સુરક્ષા પાસા પર ચોક્કસપણે ધ્યાન આપવાની જરૂર છે. નવા બેકિંગ લાયસન્સ જારી કરવા અંગે આરબીઆઈની હિલચાલ અંગે સરકારે કહ્યું ચે કે આવી કંપનીઓને બેંક શરૂ કરવાની મંજૂરી આપવી જોઈએ. પરંતુ ગ્રુપ કંપની અથવા તો પ્રમોટર્સ સાથે સંબંદિત કંપનીઓમાં એક્સપોઝર લેવા અંગે સંપૂર્ણ પ્રતિબંધ રહે તે જરૂરી છે. સુત્રોએ કહ્યું છે કે સરકાર રીઝર્વ બેંક આ દિશામાં આગળ વધે તેમ માને છે. આવા પ્રમોટર્સના મોટી સંખ્યામાં કસ્ટમરો અને ગ્રાહકો નવી બેંકમાંથી લોન મેળવી શકશે નહી. વર્ષ ૨૦૧૧માં જારી કરવામાં આવેલા ખાનગી સેક્ટરમાં નવી બેંકના લાયસન્સના આરબીઆઈના મુસદ્દા ધારાધોરણમાં જણાવાયું ચે કે કંપની અતવા તો કોઈ પણ ગ્રપુ જે ૧૦ ટકા અથવા તો વધારે સંપત્તિ ધરાવે છે તે લાયક બને છે. નાણાં મંત્રાલય દ્વારા દેશના બેકિંગ સુવિધા નહી ધરાવતા વિસ્તારમાં ૨૫ ટકા બેંક શાખાઓ ખોલવા માટેની આરબીઆઈની દરખાસ્તને ટેકો આપવામાં આવ્યો છે. આવનાર દિવસોમાં મોટી કંપનીઓ બેંક શરૂ કરવાની દિશામાં આગળ વધી શકે છે જેથી બેંકો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી શકે છે.

## ભાજપ અને આરએસએસ તેમના ટ્રેનીંગ કેમ્પમાં આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે : શિંદે

### ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની બેઠકમાં શિંદેના નિવેદનથી વિવાદ

જયપુર,તા. ૨૦

કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે એવો આક્ષેપ કરીને ખળભળાટ મચાવી દીધો હતો કે, ભાજપ અને આરએસએસ તેમના ટ્રેનીંગ કેમ્પમાં હિન્દુ આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. શિંદેની તેમના નિવેદન બાદ ચારે બાજુ વ્યાપક ટીકા ટિપ્પણી શરૂ થઈ ગઈ છે. ભાજપ અને સંઘના નેતાઓ ટીકા ટિપ્પણી કરવા મેદાનમાં આવી રહ્યા છે. શિંદેએ કહ્યું હતું કે, ભાજપ અને સંઘ ઘુસણખોરી અંગે વાત કરી રહ્યા છે પરંતુ અમારી પાસે એવા એહવાલ આવી રહ્યા છે કે, ભાજપ અને સંઘ તેમના ટ્રેનીંગ કેમ્પમાં હિંદુ આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ની મીટિંગમાં બોલતા શિંદેએ કહ્યું હતું કે, અમે સમગ્ર ઘટનાક્રમ ઉપર નજર રાખી



રહ્યા છીએ. સમજોતા એક્સપ્રેસ બ્લાસ્ટ, મક્કા મસ્જીદ બ્લાસ્ટમાં લઘુમતીઓ ઉપર આક્ષેપબાજી કરવામાં આવી હતી. અમારા દેશની સુરક્ષા માટે અમને વધુ સાવધાન થવાની જરૂર છે.દરમિયાન સુશીલકુમાર શિંદેના નિવેદનને લઈને એક બાજુ શિંદેની આકરી ટીકા ભાજપ અને સંઘ દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે કોંગ્રેસે સુશીલકુમાર શિંદેનો બચાવ કર્યો છે.

કોંગ્રેસના નેતા મણીશંકર ઐયરે પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું છે કે, આ બાબત અમે લાંબા સમયથી જાણીએ છીએ શિંદે આ બાબત કેહવાની હિંમત કરી શકયા છે. શિંદેએ અગાઉ એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે, તપાસ બાદ અમને જાણવા મળ્યું છે કે, ભાજપ અને આરએસએસ તેમના ટ્રેનીંગ કૅંપમાં હિન્દુ આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. જે ચિંતાજનક મામલો છે. ઐયરે કહ્યું હતું કે, સુશીલકુમાર શિંદેની વાત સાથે અમે સહમત છે. બીજી બાજુ સંસદીય બાબતોના રાજ્યમંત્રી રાજીવ શુક્લાએ કહ્યું છે કે, કોઈ હિન્દુ અથવા મુસ્લિમ આતંકવાદ નથી. સુશીલકુમાર શિંદેએ જમણેરી પાંખ આતંકવાદની વાત કરી છે. સુશીલકુમાર શિંદે વધુ મુશ્કેલીમાં મુકાયા છે.

## નાગરિક ઉડ્ડયન દ્વારા ૩૫૦૦ કરોડની ફાળવણીની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા. ૨૦

એયર ઈન્ડિયાની સ્થિતિને મજબુત કરવાના હેતુસર તથા દેશમાં ઉડ્ડયન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસીત કરવાના હેતુસર નાગરીક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આગામી બજેટમાં ૩૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની માંગણી કરી હોવાનું જાણવા મળ્યું છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે, આ રકમ વર્તમાન વર્ષમાંથી ૫૦૦૦ કરોડ રૂપિયાની વધારાની રકમ રહેશે. જેમાં ૪૬૦૦ કરોડ રૂપિયા ઈક્વીટી ઠાલવવાના ભાગરૂપે છે. જ્યારે ૪૦૦ કરોડ રૂપિયા વ્યાજ રૂપે છે. સરકાર એયર ઈન્ડિયાના મામલામાં ખુબજ સાવધાની પૂર્વક આગળ વધવા માંગે છે. નાણાંકીય વર્ષમાં બાકીના ગાળા દરમિયાન એયર ઈન્ડિયાને અપેક્ષા છે કે સરકાર ૨૦૦૦ કરોડ રૂપિયા જારી કરશે. નવી યોજના અનો પુનઃનિર્માણ યોજનાના ભાગરૂપે ૩૧મી માર્ચ સુધીમાં ૨૦૦૦ કરોડ રૂપિયા જારી કરવામાં આવશે. છેલ્લા શિયાળુ સત્ર દરમિયાન સાંસદમાં નાણાં મંત્રી પી.ચિદંબરમ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. વર્તમાન નાણાંકીય વર્ષમાં એયર ઈન્ડિયાને ૧૦૬૦૦ કરોડ રૂપિયા મળવાના હતા પરંતુ હજુ સુધી માત્ર ૬૦૦૦ કરોડ રૂપિયા મળ્યા છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં આર્થિક બાબત અંગેની કેબિનેટ સમિતીએ તેમાં ૧૨૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની મંજુરી આપી હતી.

મંત્રાલય દ્વારા એયરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા માટે ૨૦૦ કરોડ અને સૂચિત નેશનલ એવીએશન યુનિવર્સિટી માટે ૮૦ કરોડ રૂપિયાની માંગ કરી છે. આ યુનિવર્સિટીમાં પાયલોટો અને એયર ટ્રાફિક કંટ્રોલર્સને તાલીમ આપવામાં આવશે. સાથે-સાથે આ યુનિવર્સિટીમાં અન્ય સંબંધિત કોર્સ પણ ચલાવવામાં આવશે. કેબિનેટ દ્વારા મંજુર કરવામાં આવેલી યોજના મુજબ એયર ઈન્ડિયાને ૩૦૦૦૦ કરોડની રકમ મળશે. ૨૦૧૨-૧૩થી શરૂ થઈને આગામી નવ વર્ષના ગાળા દરમિયાન આ રકમ મળશે. નેશનલ કેરિયરને વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૫૪૮.૨૬ કરોડનું નુકશાન થયું હતું. જ્યારે ૨૦૦૯-૨૦૧૦માં ૫૫૫૨.૪૪ કરોડનું નુકશાન થયું હતું. જ્યારે ૨૦૧૦-૧૧માં ૬૮૬૫.૧૭ કરોડનું નુકશાન થયું હતું. ૨૦૧૧-૧૨માં ૭૮૫૩ કરોડનું નુકશાન થયું હતું.

## ઈજીઓએમની બેઠક ૨૪મી જાન્યુઆરીએ

નવી દિલ્હી,તા. ૨૦

નાણામંત્રી પી.ચિદંબરમના નેતૃત્વમાં ઈજીઓએમની બેઠક ૨૪મી જાન્યુઆરીના દિવસે મળનાર છે. જેમાં ઈન્ડીયન ઓઈલમાં ૧૦ ટકા હિસ્સેદારી વેચવા માટેની કિંમત નક્કી કરવામાં આવશે. ઈન્ડીયન ઓઈલમાં હિસ્સેદારી વેચીને તિજોરીને ૩૦૦૦ કરોડની આવક થશે. ઈજીઓએમની બેઠક ૨૪મી જાન્યુઆરીના દિવસે મળનાર છે. સૂત્રોએ કહ્યું છે કે, આ ઈશ્યુ ૨૯મી જાન્યુઆરીના દિવસે બજારમાં આવનાર છે.સરકાર ૧૦ ટકા હિસ્સેદારી વેચવાની યોજના ધરાવે છે. હિસ્સેદારી વેચીને જંગી આવક ઉભી કરવામાં આવશે. આ કંપની ૬.૦૧ કરોડ શેર અથવા તો ૧૦ ટકા હિસ્સેદારી વેચવામાં આવશે. વર્તમાન કારોબારી કિંમત કરતા આંશિક રીતે ઓછી કિંમત રહે તેવી શક્યતા છે.

શુક્રવારના કારોબાર દરમિયાન ઓઆઈએલના શેરની કિંમત શેર દીઠ ૫૬૧ રૂપિયા રહી હતી. આ કિંમતના આધાર ઉપર ગણતરી કરવામાં આવે તો ૩૩૦૦ કરોડની આવક થશે. સરકાર આ કંપનીમાં ૭૮.૪૩ ટકા હિસ્સો ધરાવેછે. સરકાર હવેતેનોહિસ્સો ઘટાડીને ૬૮.૪૩ ટકા કરશે. ઓઆઈએલ કંપની ઉપરાંત અન્ય કંપનીઓમાં પણ સરકાર ડિસ ઈન્વેસ્ટમેન્ટની યોજના ધરાવે છે. સરકારે ૧૭મી જાન્યુઆરીના દિવસે ડિઝલની કિંમતોમાં વધારો કરવા રિટેલર્સને મંજૂરી આપી હતી.સૂત્રોનું કહેવુંછે કે, મુડી રોકાણકારોને આકર્ષિત કરવા માટે જુદા-જુદા દેશોમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

## મહારાષ્ટ્રના નકસલવાદી ગઢચિરૌલી જિલ્લામાં અથડામણમાં છ નકસલવાદીઓ ઠાર મરાયા

### નાગપુરથી ૨૦૦ કિલોમીટરના અંતર પર ગોવિંદગામમાં ભીષણ અથડામણ

મહારાષ્ટ્ર, તા.૨૦

મહારાષ્ટ્રના નકસલવાદી ગ્રસ્ત ગઢચિરૌલી જિલ્લામાં આજે સવારે થયેલી એક ભીષણ અથડામણમાં બે મહિલા નકસલવાદી સહિત છ નકસલવાદીઓ માર્યા ગયા હતા. ચોક્કસ બાતમીના આધારે પોલીસે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલિસને બાતમી મળી હતી કે, કેટલાક નકસલવાદિઓ ગઢચિરૌલીમાં છુપાયેલા છે. જેનાં આધાર પર સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિધર્બના દક્ષિણી ભાગમાં નાગપુરથી ૨૦૦ કિલોમીટરના અંતરે સ્થિત ગોવિંદગામમાં અથડામણ થઈ હતી.

પોલીસ દ્વારા મળેલી માહિતી અનુસાર ગોવિંદગામની નજીક આવેલા જંગલમાં નકસલવાદિઓ અને પોલીસ વચ્ચે આ અથડામણ થઈ હતી. ગઈકાલે રાતે પોલીસનું એક દળ નકસલ વિરોધી ઓપરેશનના ભાગરૂપે તૈનાત કરાયા બાદ નકસલવાદીઓ પર નજર રાખવામાં આવી રહી હતી. ત્યારે જ નકસલવાદીઓએ એકાએક ગોળીબાર કર્યો હતો. આ અથડામણ કલાકો સુધી ચાલી હતી. માર્યા ગયેલા નકસલવાદીઓની ઓળખ હજુ સુધી કરી શકાઈ નથી.

માર્યા ગયેલા નકસલવાદીઓના મૃતદેહ અહેરી પોલિસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. આ બાબતે વધુ જાણકારીની પ્રતિક્ષા છે. પોલીસ જણાવ્યું હતું કે, અથડામણ થોડા કલાકો ચાલુ રહી અને લગભગ સવારે ૨.૩૦ વાગે પૂર્ણ થઈ હતી. અહીં મળેલી થોડી ખબરોના અનુસાર માર્યા ગયેલા લોકોમાંથી એક સ્થાનીક દળનો વરિષ્ઠ સભ્ય પણ છે.

## દેશના કોર્પોરેટને બેકિંગના લાયસન્સ ન આપી શકાય

નાણાં અંગે સંસદીય સ્થાયી સમિતીના ચેરમેન અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાએ આજે કહ્યું હતું કે કોર્પોરેટ હાઉસને બેકિંગ લાયસન્સ આપવાની યોજના અયોગ્ય છે. એક કાર્યક્રમમાં યશવંતસિંહાએ કહ્યું હતું કે હાલના ધારાધોરણોમાં કોઇ પણ પ્રકારની રાહત આપવાની બાબત બિનજરૂરી રીતે વિવાદ જગાવશે. કંપનીઓને બેકિંગ લાયસન્સ આપવામાં ભારતે કોઈ ખચકાટ અનુભવ કરવાની જરૂર નથી તેવા આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના અહેવાલ અંગે પ્રતિક્રિયા કરતા સિંહાએ આ મુજબની વાત કરી હતી.

## સમાચાર ઝલક

- ઠંડીથી સૌરાષ્ટ્રમાં કપાસના પાકને ભારે નુકશાનનો ભય.
- સૂરતમાં લગ્નગાળા સમયે જ ધોબી (લોન્ડ્રીવાળા) હડતાલ પર!
- ગુજરાતમાં હવે બાળકોને ત્રિગુણીને બદલે પાંચગુણી રસી અપાશે.
- લવારપુરમાં સહકારી મંડળીમાં તસ્કરો ત્રાટક્યાં.
- મુંબઇ મેરેથોન દોડમાં ૧૦૨ વર્ષનાં વડીલે ભાગ લીધો.
- ખેડામાં બોગસ ડિગ્રીવાળા ૪ શિક્ષકોને નોકરીમાંથી પાણીચું પકડાવ્યું.
- દિલ્હીમાં ગેંગરેપ બનાવ બાદ પણ ૪૫ બળાત્કારનાં કેસો નોંધાયા છે?
- ઓબામા વિરૂધ્ધ પ્રાર્થના કરવાનું કહેનારા સંકજામાં આવી ગયા.
- ભાજપ-આર.એસ.એસ. કેમ્પમાં આતંકવાદી કેમ્પની તાલીમનો આક્ષેપ કરતાં ગૃહમંત્રી.
- ડિઝલના ભાવ વધતાં રેલ્વેને ૨૩૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજ પડશે.
- આજથી રેલ્વેનો ભાડા વધારો લઘુત્તમ રૂા. ૫ ભાડું રહેશે.
- કુલુ મનાલીમાં ઠંડીથી વીજળી ગાયબ થઇ.
- લુધિયાણામાં શાકમાર્કેટમાં ભીષણ આગ.
- ભારતીય ક્રિકેટ ટીમ રેંકિંગમાં પ્રથમ નંબરે આવી.

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

લોકભારતીમાં ૩૬ વર્ષના કાર્ય પછી અનુભવી અને જ્ઞાનની સ્પષ્ટતા અને સરળતાથી તેઓ નઇ તાલીમમનાં તત્ત્વો અને તંત્ર નિભાવણી અંગેના વિચારો નિર્ભેળ રૂપે આ પુસ્તક દ્વારા વાચકો સંમુખ મુકી રહ્યાં છે. લેખકનું જીવન ચરિત્ર 'ધરતી પુત્ર' અને 'અનોખા આચાર્ય' પુસ્તક દ્વારા પ્રગટ થયું છે. તેમનાં રેખાચિત્રો 'જીવતર નામે અજવાળું' અને સંસ્થા કથા 'લોકભારતીની લોકારાધના તેમજ 'માલપરાની ગ્રામશાળા' છે. કેળવણીની અનુભવ કથા 'અનુભવની એરણ પર' શીલ અને સંસ્કૃતિના લેખો 'સત્યના દીવા', 'ધર્મની સુવાસ' તેમજ વતનની સંસ્મરણ કથા 'હૈયે પગલાં તાજાં' માં તેમણે મુકી આપી છે. તે ઉપરાંત બૃહદ કાવ્યદોહન (ભાગ-૨ પદ મૂલક) અને લોક સહયોગથી વિકાસ ભણી, સમુલ્લાસ નિસ્બત, પહેલ અને પુરૂષાર્થ, આપણો સમાજ ધર્મનાં સંપાદનો તેમણે અનિલ શાહ અને જયાબેન શાહ સાથે મળી કર્યા છે. તેમની પરિચય પુસ્તિકા 'સ્વાયત કૉલેજ' પણ પ્રગટ થઇ છે. તેમના કાર્યોને અનેક એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવ્યા છે. જેમાં અનંતરાય મ. રાવળ શિક્ષણ એવોર્ડ, ભાઇભાઇ શિક્ષણ એવોર્ડ ઉપરાંત તેમનાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. શિશુવિહાર ભાવનગર દ્વારા 'માનભાઇ ભટ્ટ શ્રેષ્ઠ શિક્ષણ સન્માન' પણ તેમણે મેળવ્યું છે.

'માણસાઈની કેળવણી' પુસ્તકના આ લેખોમાં તેમનાં અભ્યાસી અને અનુભવનું સંયોજન અનુભવી શકાય છે. લેખકની પરિસ્થિતિના વિશ્લેષણમાં રહેલી વસ્તુનિષ્ઠા અને વાસ્તવિકતા સરાહનીય છે. લેખોમાંથી સમજ અને ડહાપણ નિતરે છે. શિક્ષકો, સંચાલકો, સરકારી અધિકારીઓ આ પુસ્તક ધ્યાનથી વાંચે તો નઇ તાલીમના દર્શન, ઈતિહાસ અને વર્તમાન સમયે તેની ઉપયોગીતા વિશે નવી અને આશાસ્પદ દૃષ્ટિ કેળવી શકશે.

'માણસાઈની કેળવણી' પુસ્તક સમય જતાં ગુજરાતના શિક્ષણ જગત અને સમાજના અન્ય રસ ધરાવતાનારાઓ માટે ખૂબ ઉપયોગી નીવડશે તેવી શુભ ભાવના સાથે લેખક અને પ્રકાશકને, શુભકામના પાઠવી આવકારૂં છું.

**માણસાઇની કેળવણી**

**લેખક : મનસુખ સલ્લા**

**લેખક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.**

**પૃષ્ઠ-૨૧૬, કિંમત રૂા. ૧૬૦/-**

**પ્રથમ આવૃત્તિ, નવેમ્બર-૨૦૧૨**

## ડંખ (વાર્તા) (પાના નં. ૪ નું ચાલુ)

સવારે ઊઠી ત્યારે ઘર ઘર નહોતું રહ્યું. ફળિયું આખું એ સ્મશાન બની ગયેલા ઘરમાં ઠલવાઈ ગયું હતું. મેડીએ પડીને કપાસની દવા ગટગટાવી હંમેશને માટે ઊંઘી ગયેલી એની સાસુની લાશને કુટુંબીઓ ઝોળીમાં નાખી ભોંયતળિયે ઉતારી રહ્યા હતા. ઉતાવળે કોઈએ એને ગાયનું છાણ લઈ આવવા કહ્યું. એ બોલ્યા ચાલ્યા વગર વાડા તરફથી દોડી હતી. એનું મગજ બહેર મારી ગયું હતું. ચાવી પૂરેલા પૂતળાની જેમ કુટુંબની ઉંમરલાયક સ્ત્રીઓનો પડ્યો બોલ ઉપાડી લેતી રહી. જેમ થવાનું હતું તે થઈ ગયું હતું. - બલકે ખરું પૂછો તો ન થવાનું થઈ ગયું હતું. પણ એમાં એનું ક્યાં કશું ચાલે એમ હતું? એને રાતવાળું દૃષ્ય રહી રહીને ડસ્યા કરતું હતું અને એ મૂંગી મૂંગી એ અણધાર્યા ડંખ જીરવ્યા કરતી હતી.

- પછી તો ઘરમાં ગણીને બે જ જીવ બચ્યા હતા! હવે એ થોડી પિયરમાં પાછી જઈ શકે એમ હતી? હવે એને થોડો કોઈ સમોવડીયો સાથી સાંપડવાનો હતો? બલકે, પાડોશીમાં જ રહેતો સુરેશના પિતરાઈ વિરેન્દ્ર સાથે પણ એ ના, ના એવું એ વિચારી સુધ્ધા ન શકે! માન્યું હોત તો બિચારા મરનારએ તો એના માંદગીના બિછાને પડ્યાં પડ્યાં હાથ જોડીને કહેવા જોગ કહી દીધું હતું : સાંભળ ગાંડી, હું તો હવે ગણતરીના દિવસોનો મહેમાન છું. તને આ લોકો ભલે ખોટી આશાઓનાં ઈન્જેકશન આપીને ખુશ રાખતા હોય. સાચી હકિકત તો એ છે કે હું છું - છું ને નથી! મને કૅન્સર નો એરું ડસી ગયો છે. ઉધાર શ્વાસ પર જીવી જીવીને કેટલું જીવવાનો? તારી સાથે મારું અંજળ પૂરું થયું. ભગવાનને પ્રાર્થના કરું કે તને પાલવનારો જીવનસાથી મળી રહે... તું તો સતી સાવિત્રી જેવી પવિત્ર છે. પાંચ આંગળીનું પાપ પણ મારા ખાતે ચડ્યું છે... એટલે છાતી કાઠી રાખીને ક્યાંક ગોઠવાઈ જજે બાપ!

બોલતાં બોલતાં એની આંખોમાંથી ડળક ડળક આંસુ ખરી પડ્યાં હતાં. એનો કંઠ રૂંધાઈ ગયો હતો. ચંદ્રિકાએ એનો રૂમાલ કાઢી સુરેશનાં આંસુ લૂછ્યાં હતાં અને પછી પોતે મિનિટો લગી એનો હાથ પોતાના બેઉ હાથમાં દાબી રાખી ધીમે ધારે છાનું છાનું રડતી રહી હતી. એને ઘણું બધું કહેવું હતું પણ એ જાણતી હતી કે એવો વિલાપ સાંભળીને તો આસપાસનાં ખાટલાવાળાં દર્દી અને એમને મળવા આવેલાં સગાસંબંધી બિચારા સુરેશની દયા ખાવા લાગશે. એ વધારે વ્યથિત થઈ જશે. પોતે સતી સાવિત્રીતો હતી નહીં કે એના સોહાગને યમરાજાના દરવાજે જઈને પાછો લઈ આવે! હવે ડૉકટરોએ પણ હાથ ધોઈ નાખ્યાં હતા. ત્યાં બિચારા દુખિયારા છોકરાને ખોટેખોટાં આશ્વાસનોની ગોળીઓ ગળવવાનોય શો અર્થ?

જરા ઠંડા કલેજે વિચારતાં ચંદ્રિકાને સુરેશની સલાગમાં ખાસ્સું વજૂદ પણ વરતાયું હતું. હમણાં એવી નાતરિયા નાતમાં જન્મી હોત તો એને તાબડતોબ 'હા' ભણી દીધી હોત. પણ એ તો ઊંચા કૂળની આબરૂ...એ થોડી જીવતરની ફાટેલી કંથા પર થીંગડું મારી શકે એમ હતી? 'આપણું કૂળ કુણ? આપણું દૂધ ના લાજે કે બેટા!'- આંટિયાળી પાઘડી બાંધીને બાપના ખોરડે છબી થઈને લટકી રહેલા ડુંગરથી દાદા બોલતા સંભળાયા. ઢોલિયા પર છીંકણીના સબડકા ભરતાં દાદી પણ હોંકારો ભરતાં સંભળાયાં હાય રે હાય, આપણે કે થોડાં... વાઘરી છીએ? ના બાપ, એવું તો સપનેય ના વિચારાય! ને એણે છાતી પર સો મણની શિલા ધરબી દીધી હતી.

●●●

છેલ્લે દિવસે પોથી ઉપાડવા માટે ખુલ રામસુંદરજી મહારાજે એનું નામ દઈને મંચ પર બોલાવી ત્યારે એને સભા મંડપમાંથી ઊઠતાં ઊઠતાં એકાએક આખી ધરતી ગોળ ગોળ ફરતી લાગી. આંખો સામે રાતાં-લીલાં તોરણ બંધાઈ ગયાં. એકાએક જાણે નજર સામે પીળો પડદો તણાઈ ગયો. કાનમાં તમરાં બોલવા લાગ્યાં. છતાં બાપજીએ નામજોગ બોલાવી હતી એટલે ગયા વગર છૂટકો જ ક્યાં હતો? એ ઝનૂન પૂર્વક એનામાં હતી એટલી તાકાત ભેગી કરીને ઊભી થઈ અને વ્યાસપીઠ ભણી આગળ વધી. એને ડગમગતી જોઈને પુરુષવૃંદમાં બેઠેલો એનો કુટુંબી વીરેન્દ્ર એકાએક 'ભાભી... જરા સાચવજો ભાભી!' કહે તો દોડી આવ્યો. એણે ટેકો ન આપ્યો હતો તો એ વ્યાસપીઠના પગથિયા પર જ ફસડાઈ પડી હોત. ધીરે ધીરે કળ વળી અને એ મહારાજ સમક્ષ જઈ હાથ જોડીને ઊભી રહી. એના ચહેરા પર ગ્લાનિ નિહાળી કથાકાર સંત પણ પળવાર પૂરતી વ્યથા અનુભવી રહ્યા.

પરીક્ષિત રાજાને મોક્ષ મળ્યો હતો તેમ બેટા, તમારા પતિદેવને પણ આજે ભાગવત સપ્તાહનો પુણ્ય લાભ મળતાં સદ્ગતિ મળશે. પુત્રનો વિયોગ નહીં જીરવાતાં કમોતે મૂએલાં તમારાં સાસુમાનું પણ તર્પણ થઈ ગયું. સંસાર તો છે જ સાર વગરનો. ઈશ્વર દયાળુ છે. તમે આર્યનારીનો તમે શ્રીકૃષ્ણમાં શ્રદ્ધા રાખી મીરાંબાઈની જેમ જીવી શક્યાં. ધન્ય છે તમારાં માતા-પિતાને... ધન્ય છે તમારાં સાસરીયાંને... શામળ પટેલ જેવા યજમાન મળે એ પણ અમારા જેવા માટે તો પ્રભુની જ પ્રસાદી...

એમણે પોતાના વરદ હસ્તે શ્રીમદ્ ભાગવતની પોથી ચંદ્રિકાના માથે મૂકી આપી ત્યારે નજીક ઊભા ઊભા એના સસરા શામળ પટેલ એકાએક હૂઠવો મૂકીને રડી પડ્યા. કોણ જાણે એમને શું સૂઝ્યું કે ભરી સભા વચ્ચે એમણે પુત્રવધુના પગ પકડી લીધા!